# પ્રતિભાશાળી બાળકો અને તેમની સમસ્યાઓ

**ડૉ.પરિતા આર દવે.**
સંસ્કાર બી.એડ કોલેજ, વડોદરા.
મો : 9537445219, Email:– paritapandya9@yahoo.com

સામાન્ય રીતે શાળાઓ સાથે સંકળાયેલી મોટાભાગની પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે સરેરાશ બાળકોને વધુ મહત્વ આપવામાં આવે છે. જે મ અક્ષમ બાળકો સામાન્ય બાળકો સાથે શિક્ષણ મેળવવામાં મુશ્કેલી અનુભવે છે તેમ પ્રતિભાશાળી બાળકો પણ મુશ્કેલી અનુભવતા હોય છે. સામાન્ય શૈક્ષણિક માહોલમાં આવાં બાળકો પર શાળા કક્ષાએ ઉચિત ધ્યાન રાખી શકાતું નથી. તેથી આવાં બાળકોની વિશિષ્ટ ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે તેમને વિશિષ્ટ માવજત આપવાની જરૂર પડે છે, એટલે જ આવાં બાળકોને વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

**પ્રતિભાશાળી બાળક :–** પ્રતિભાશાળી શબ્દ એવા બાળકો માટે વાપરવામાં આવે છે, જે તેના જૂથમાં કોઈ ક્ષમતાનાં સંદર્ભમાં ખૂબ ચઢિયાતું હોય અને જે આપણા સમાજના ઉત્થાન અને જીવનના સ્તરને ઊંચે લઈ જવામાં વિશિષ્ટ ફાળો આપનાર બનાવે.

એક મનોવૈજ્ઞાનિકે પ્રતિભાશાળી બાળકોનાં બે પ્રકાર વર્ણવ્યા છે.

(1) એવાં બાળકો કે જેમનો બુદ્ધિઆંક 130થી વધુ હોય અને અસામાન્ય બુદ્ધિ ધરાવતાં હોય છે.

(2) એવા બાળકો કે જેઓ કલા, ગણિત, સંગીત અથવા અભિનયમાં વિશેષ યોગ્યતા ધરાવતાં હોય.

તો બીજા કેટલાક મનોવૈજ્ઞાનિકોનાં મતે પ્રતિભાશાળી શબ્દ એવા એક ટકા બાળકો માટે વાપરવામાં આવે છે, જે સૌથી વધુ બુદ્ધિશાળી હોય છે.

અમુક મનોવૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ સામાન્ય બુદ્ધિક્ષમતા ધરાવતાં બાળકોને પ્રતિભાશાળી બાળકો કહી શકાય. અમુક મનોવૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ જેઓ તેમના જૂથના અન્ય સરેરાશ બાળકો કરતાં ખૂબ વધુ બુદ્ધિ ક્ષમતા, તકૃનિકી ક્ષમતા, અધ્યયન ક્ષમતા, ધારણ ક્ષમતા, માનસિક ક્ષમતા અથવા કલા, સંગીત કે રમત–ગમતની ક્ષમતા ધરાવતાં હોય તેવા બાળકોને પ્રતિભાશાળી બાળકો કહે છે. અમુક મનોવૈજ્ઞાનિકો આવા બાળકોનાં સામાજિક અનુકૂલન, શારીરિક બંધારણ અને માનસિક સ્વાસ્થ્યને પણ મહત્વ આપે છે.

આ દરેક મતોને ધ્યાનમાં લેતા કહી શકાય કે, પ્રતિભાશાળી બાળકો મનોશારીરિક કૌશલ્યો અને બુદ્ધિકક્ષા તથા અન્ય હકારાત્મક લક્ષણોનાં સંદર્ભમાં તેમના જૂથનાં બાળકો માટે

સ્થાપિત ધોરણો કરતાં ખૂબ આગળ હોય છે, જેના કારણે તેઓ અન્ય બાળકો કરતાં જુદાં તરી આવતાં હોય છે.

- ❖ પ્રતિભાશાળી બાળકો સ્મૃતિ, તર્ક, ચિંતન, વિશ્લેષણ અને સંશ્લેષણ જેવી માનસિક પ્રક્રિયાના સંદર્ભમાં, સામાન્ય બાળકોની તુલનામાં વધુ તીવ્રતા ધરાવતાં હોય છે.
- ❖ તેમનાં દૈનિક કાર્યોમાં વિવિધતા જોવા મળે છે.
- ❖ તેમનો શબ્દભંડોળ પ્રમાણમાં વધુ હોય છે.
- ❖ તેમની જ્ઞાનાત્મક ધારણશક્તિ અને યાદશક્તિ પ્રમાણમાં વધુ હોય છે.
- ❖ તેઓ સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ ધરાવતાં હોય છે, એટલે કે તેઓ સારું અવલોકન કૌશલ્ય ધરાવતાં હોય છે.
- ❖ અધ્યયન કરવામાં તેઓ વિશિષ્ટ રૂચિ ધરાવતાં હોય છે અને તેમની શાળાકીય સિદ્ધિ પ્રમાણમાં ઊંચી કક્ષાની હોય છે.
- ❖ તેઓ સારી અને ઉચ્ચ આંતરસૂઝ ધરાવતાં હોય છે.
- ❖ તેઓ દરેક કાર્ય માટે તાર્કિક રીતે વિચાર કરવાનું વલણ ધરાવે છે.
- ❖ યોગ્ય પરામર્શન અને માર્ગદર્શનને તથા અયોગ્ય નિયંત્રણને અભાવે તેઓ અભિમાની બની જતાં હોય છે.
- ❖ તેમનું સામાજિક અનુકૂલન પ્રમાણમાં નબળું હોય છે.
- ❖ મોટાભાગના કિસ્સાઓમાં, સામાન્ય રીતે તેઓ સ્વયં અનુશાસિત હોય છે.
- ❖ સામાન્ય રીતે તેમનો બુદ્ધિઆંક 130થી વધુ હોય છે.
- ❖ તેઓ દરેક બાબત અંગે મૌલિક રીતે વિચારે છે.
- ❖ બૌદ્ધિક રમતોમાં તેમને વિશેષ રસ પડે છે.
- ❖ તેમની અમૂર્ત રીતે ચિંતન કરવાની ક્ષમતા પ્રમાણમાં સારી હોય છે.
- ❖ આમાં બાળકોમાંથી અમુક બાળકો કલા, સંગીત, રમત–ગમત, તકૃનિકી અથવા અભિનયના ક્ષેત્રમાંથી કોઈ એક ક્ષેત્રમાં પણ પ્રતિભાશાળી હોઈ શકે છે. આવી પ્રતિભા ધરાવતાં બાળકોનો બુદ્ધિઆંક 130થી નીચે હોવાની સંભાવના રહે છે.
- ❖ આવાં બાળકો તેમની આવી વિશેષતાઓને કારણે શાળામાં સમસ્યારૂપ પણ બનતાં હોય છે.

**પ્રતિભાશાળી બાળકો ની સમસ્યાઓ :–**

**(1) શિસ્ત :** સામાન્ય રીતે આવાં બાળકો અભ્યાસમાં અન્ય બાળકો કરતાં ખૂબ આગળ હોય છે. વર્ગખંડમાં શિક્ષક સામાન્ય બાળકોને ધ્યાનમાં રાખીને ભણાવતા હોય છે. શિક્ષકોની અધ્યાપન ગતિ અને અન્ય બાળકોની શીખવાની ગતિ આવાં બાળકોની અપેક્ષા કરતાં ધીમી હોય છે આથી આવાં બાળકો વર્ગખંડમાં કંટાળાનો અનુભવ કરે છે, જેના કારણે અમુક વખતે તેઓ અશિષ્ટ વર્તનો કરી બેસતાં હોય છે અથવા વર્ગમાં બેઠાં–બેઠાં અન્ય

પ્રવૃત્તિઓ કરવા માટે પ્રેરિત થાય છે. તેથી અન્ય બાળકોનાં અધ્યયન કાર્યમાં વિક્ષેપ પડે છે અને વર્ગખંડમાં અશિસ્તનું વાતાવરણ સર્જાય છે.

**(2) અનુકૂલન :** પ્રતિભાશાળી બાળકોને વર્ગખંડનાં નબળા અથવા સામાન્ય બાળકો સાથે અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડે છે. ઘણીવાર આવાં બાળકો તેમનાં શિક્ષકો સાથે પણ અનુકૂલન સાધી શકતાં નથી. ઘણી વખત અન્ય બાળકો તેમની વાતો સાથે સહમત થતાં નથી અને આવાં બાળકો એકલવાયા પણ બની જતાં હોય છે.

**(3) સાંવેગિક અસ્થિરતા :** આવાં બાળકો તેમને ન ગમતી વાતોની સામે તરત જ પોતાની પ્રતિક્રિયા આપી દે છે. તેઓ તેમનાં સંવેગોને નિયંત્રણ નથી કરી શકતાં. તેઓ એટલાં બધા એકલવાયા બની જાય છે કે તેમના પોતાનાં સિવાયની કોઇ પણ વાત અંગે પોતાની કોઈ પણ પ્રતિક્રિયા નથી આપતાં. આવા સ્વભાવને લીધે ક્યારેક તેઓ લાગણીહીન લાગતાં હોય છે.

**(4) અભ્યાસમાં અરૂચિ :** આવાં બાળકો અન્ય બાળકો કરતાં ભણવામાં આગળ હોય છે તેઓ માનસિક પ્રક્રિયામાં ખૂબ જ ઝડપ અને તીવ્રતા ધરાવતા હોય છે. તેથી તેમની અનુકૂળતા મુજબ તેમને અભ્યાસ માટેનું વાતાવરણ મળતું નથી. તેથી લાંબાગાળે તેઓ અભ્યાસમાંથી રસ ગુમાવી દે છે. જે બાળકો શિક્ષણનાં વિષયો સિવાયનાં અન્ય ક્ષેત્રમાં પ્રતિભા ધરાવતાં હોય છે તે પણ અભ્યાસમાં ઓછો રસ ધરાવતા હોય છે. તેમને પોતાના ક્ષેત્રની પ્રવૃત્તિમાં વધુ રસ પડે છે. આથી, શિક્ષણ અને અભ્યાસના સંદર્ભમાં, અમુક કિસ્સાઓમાં તેઓ સરેરાશ બાળકો કરતાં પણ પાછળ રહી જતાં હોય છે.

**(5) ગુરુતાગ્રંથીનો વિકાસ :** કેટલીક વખત તેમને યોગ્ય માર્ગદર્શનનાં અભાવે આવાં બાળકો પોતાની વિશિષ્ટ આવડતોને કારણે પોતાને શ્રેષ્ઠ માનવા લાગે છે અને અન્ય બાળકોનો પોતાના કરતાં ઊતરતી કક્ષાનાં માનવા લાગે છે, જેથી તેમનામાં ગુરુતાગ્રંથીનો વિકાસ થાય છે.

પ્રતિભાશાળી બાળકોની આવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને તેમનાં માટે શિક્ષકની વિશિષ્ટ વ્યવસ્થા થાય તે અંગે વિચારવું જોઈએ. આવાં બાળકોને જે–તે ક્ષેત્રમાં કે વિષયમાં પ્રતિભા જળવાય રહે અને તેઓ તેમની વિશિષ્ટ ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરી શકે તે માટે તેમને વિશિષ્ટ માવજત આપવી જરૂરીછે.

**“ શિક્ષણ દર્શન ” માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-**
**શ્રી અરવિંદભાઇ એલ મહેતા**
**૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩**
**૧ વર્ષનું લવાજમ –૧૨૦ રૂ.**
**૩ વર્ષનું લવાજમ –૩૩૦ રૂ.**
**૫ વર્ષનું લવાજમ –૫૫૦ રૂ.**